ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૯૨.૫૩ ટકા પરિણામ

સિદ્ધપુર અને મીઠાપુર કેન્દ્રનું ૧૦૦ ટકા પરિણામ રહ્યું : પાટણ જિલ્લાનું સૌથી વધારે ૯૭.૭૬ ટકા પરિણામ : જ્યારે ડાંગ જિલ્લાનું ૫૯ ટકા પરિણામ નોંધાયું : એ-બે ગ્રેડમાં ૩૦૨૦ વિદ્યાર્થીઓનો સમાવેશ

અમદાવાદ, તા.૧૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે સવારે માર્ચ-૨૦૧૩માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરીણામ જાહેર કરવામાં આવ્યું હતું. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૯૨.૫૩ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. સિદ્ધપુર અને મીઠાપુર કેન્દ્રનું સૌથી વધારે ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે જ્યારે સૌથી ઓછું પરિણામ સંતરામપુર ૫૮.૬૯ ટકા નોંધાયું છે. પાટણ જિલ્લાનું સૌથી વધારે ૯૭.૭૬ ટકા પરિણામ રહ્યું છે જ્યારે ડાંગ જિલ્લાનું સૌથી ઓછું ૫૯ ટકા પરિણામ રહ્યું છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના સવા લાખથી વધુ વિદ્યાર્થીઓ હતા. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આ વખતે વિદ્યાર્થીઓએ વિદ્યાર્થીનીઓની સરખામણીમાં વધારે સારુ પરિણામ મેળવ્યું છે. એકબાજુ વિદ્યાર્થીઓનું પરિણામ ૯૨.૭૪ ટકા રહ્યું છે. જ્યારે વિદ્યાર્થીનીઓનું પરિણામ ૯૨.૧૨ ટકા રહ્યું છે. આ વખતે એ વન ગ્રેડ મેળવવામાં ૧૬૨ વિદ્યાર્થીઓ સફળ રહ્યા છે. જ્યારે એ-૨ ગ્રેડ મેળવવામાં ૩૦૨૦ વિદ્યાર્થીઓ સફળ રહ્યા છે. એ ગ્રુપનું પરિણામ ૯૭.૧૦ ટકા રહ્યું છે જ્યારે બી ગ્રૂપનું પરિણામ ૮૮.૧૦ ટકા નોંધાયું છે. નીડ ટુ ઇમ્પ્રુવમેન્ટ વાળા ૯૦૦૦ વિદ્યાર્થીઓ માટે જૂનમાં ફરી પરીક્ષા યોજાશે. આ વખતે પણ ગુજરાતી માધ્યમનું પરિણામ સૌથી વધુ ૯૧.૯૮ રહ્યું છે. જ્યારે અંગ્રેજી માધ્યમનું પરિણામ ૯૬.૭૬ ટકા રહ્યું છે. એકંદરે ૯૨.૫૩ ટકા પરિણામ રહ્યું છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ ગાંધીનગર દ્વારા પરિણામ આજે સવારે ૧૦.૩૦ વાગે જાહેર કરાયું હતું. શિક્ષણ પ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ વિધિવત રીતે પરિણામ જાહેર કર્યું હતું. ગાંધીનગરમાં પત્રકાર પરિષદમાં શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પરિણામ જાહેર કર્યું હતું. તેમણે કહ્યું હતું કે ચારે સેમિસ્ટરની બોર્ડનું પરિણામ ૯૨.૫૩ ટકા નોંધાયું છે. વિદ્યાર્થીઓની સુવિધા માટે વેબસાઈટ ઉપર પણ પરિણામ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓને માર્કશીટ ૧૮મી મેના દિવસે મળશે. શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાનના ચોથા સેમિસ્ટરની પરીક્ષા માર્ચ ૨૦૧૩માં લેવાયેલી હતી. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં રાજ્યમાંથી ૧૧૪૫૩૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જ્યારે ૧૦૯૮૪ વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ જૂના કોર્ષમાં હતા. આ વખતે વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં વિજ્ઞાનના ચારે સેમિસ્ટરના આધારે પરિણામ જાહેર કરવામાં આવ્યું છે જેથી નવી માર્કશીટ વિદ્યાર્થીઓને મળશે. માર્કશીટમાં વિદ્યાર્થીઓને ચારે સેમિસ્ટરના માર્કસ અને તેના આધારે સરેરાશ ગુણ આપવામાં આવ્યા છે. નવી માર્કશીટમાં વિદ્યાર્થીઓને પર્સન્ટાઈલ રેન્ક દર્શાવવામાં આવ્યા છે.

અગાઉથી જ પરિણામને લઈને ભારે ઉત્સુકતા અને ઉત્તેજના જોવા મળી હતી. વિદ્યાર્થીઓ શરૂઆતથી જ પરિણામ જાણવા માટે વેબસાઈટ ઉપર સક્રિય થઈ ગયા હતા. પરિણામ બોર્ડની વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીએ બોર્ડની વેબસાઈટ, ટોલ ફ્રી નંબર અને એસએમએસ દ્વારા પોતાનું પરીણામ વિદ્યાર્થીઓ મેળવવામાં વ્યસ્ત બની ગયા હતા. આ વખતે વિદ્યાર્થીઓની સુવિધા માટે વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી જેના ભાગરૂપે વિદ્યાર્થીઓ શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb.org, www.gipl.net. અને www. indiaresult.com પરથી પરિણામ મેળવી શકવામાં સફળ રહ્યા હતા. આ ઉપરાંત વિદ્યાર્થીઓ મોબાઈલ ફોનમાં એસએમએસ દ્વારા પરીણામ મેળવવામાં સફળ રહ્યા હતા. પરિણામની વિગત આપતા ચુડાસમાએ કહ્યું હતું કે માર્ચ ૨૦૧૨માં લેવામાં આવેલી ધોરણ ૧૨ના વિજ્ઞાન પ્રવાહના જૂના અભ્યાસક્રમની પરિક્ષામાં બોર્ડનું એકંદરે પરિણામ ૬૭.૭૦ ટકા રહ્યું હતું જેની સામે સેમિસ્ટર પદ્ધતિ વગર બોર્ડના એકંદરે પરિણામમાં વધારો થયો છે. જે રાજ્ય સરકારના ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમિસ્ટર પદ્ધતિ દાખલ કરવાના ઉદ્દેશ્ય હાંસલ થયા હોવાનો નિર્દેશ કરે છે. આજે જાહેર થયેલા પરિણામની વિગત આપતા પ્રધાને કહ્યું હતું કે વિજ્ઞાન પ્રવાહમાં નોંધાયેલા ૧૧૪૪૯૫ વિદ્યાર્થીઓ પૈકી ૧૧૩૯૩૩ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા જે પૈકી ૧૦૫૪૧૮ વિદ્યાર્થીઓ ડી કે તેથી ઉપરનો ગ્રેડ મેળવી શક્યા છે. જ્યારે ૮૫૧૫ વિદ્યાર્થીઓને દેખાવમાં સુધારો કરવા સૂચના આપવામાં આવી છે. કુલ ૫૬૨ વિદ્યાર્થીનું પરિણામ અનામત રાખવામાં આવ્યું છે. ચુડાસમાએ કહ્યું હતું કે શિક્ષણ પદ્ધતિ અને પરિક્ષા પદ્ધતિમાં પરિવર્તન લાવી ગોખણિયા જ્ઞાનના આધારે લેવાતી પરીક્ષાના બદલે વિદ્યાર્થીઓની સમજ શક્તિ અને સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય તેવો અભ્યાસ અમલમાં મૂકવામાં આવ્યો છે.

પ્રથમ વાર સેમિસ્ટર પ્રથાના આધારે વિજ્ઞાનનું પરિણામ

અમદાવાદ,તા. ૧૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધોરણ ૧૧-૧૨ સાયન્સમાં સેમેસ્ટર પ્રથા દાખલ કરાયા બાદ પ્રથમ વખત ચારેય સેમેસ્ટરનું એક સાથે પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જે વિદ્યાર્થીઓને ચારેય સેમેસ્ટરમાં ૧૬૨ ગુણથી ઓછા માર્ક્સ હતા તેમને માર્કશીટમાં નીડ એપ્રવલ દર્શાવવામાં આવ્યું છે. આ ઉપરાંત પ્રથમ વખત માર્કશીટમાં ટકાને બદલે પર્સેન્ટાઈલ રેન્ક આપવામાં આવ્યો છે. રાજ્યના શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર સિસ્ટમ દાખલ કરાઈ છે. સેમેસ્ટર પદ્ધતિના અમલીકરણ બાદ પ્રથમ વખથ ચારેય સેમેસ્ટરનું પરિણામ એક સાથે આજે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાં દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. માર્કશીટમાં ચારે સેમેસ્ટરના એવરેજ મુખ્ય માર્કશીટ તૈયાર કરવામાં આવે છે. શિક્ષણ બોર્ડમાં આ નવતર પ્રયોગને વાલીઓ અને વિદ્યાર્થીઓએ વધાવી લીધા હતો.

આ પદ્ધતિપ્રમાણેવિદ્યાર્થીએદરેક વિષયમાં પાસ થવા માટે ૧૬૨ માર્ક્સ લાવવા ફરજિયાત હતા. તેનાથી ઓછા માર્ક્સલાવનાર વિદ્યાર્થીઓની માર્કશીટમાં નીડ એપ્રુવલ લેવલ આવ્યું છે. જેનો મતલબ વિદ્યાર્થીઓઆગળના અભ્યાસ માટેલાયક નથી એવો થાય છે.

વિદ્યાર્થી માટે જૂનમાં પૂરક પરીક્ષા યોજાશે

અમદાવાદ,તા. ૧૩

ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ના ચારે સેમિસ્ટરમાંથી કોઈ પણ સેમિસ્ટરમાં કોઈપણ વિષયમાં ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓને પૂરક પરીક્ષા આપવાની તક રહેશે. આ વિદ્યાર્થીઓ બોર્ડ દ્વારા લેવામાં આવનાર પૂરક પરીક્ષામાં બેસી શકશે. આવા કુલ ૫૬૨ વિદ્યાર્થીઓના પરિણામ જાહેર કરાયા નથી. એક વિષયમાં નપાસ થયેલા વિદ્યાર્થીઓ પણ જૂનમાં યોજાનારી પરીક્ષામાં બેસી શકશે.

રાજ્યમાં આજથી નવમાં કૃષિ મહોત્સવનો શુભારંભ કરાશે

મુખ્યમંત્રી મોદી રાધનપુરથી કૃષિ મહોત્સવનું ઉદ્‌ઘાટન કરશે : પશુ આરોગ્ય મેળાનો પણ વિધિવત પ્રારંભ કરાવશે

ગાંધીનગર, તા.૧૩

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવતી કાલે મંગળવારે પાટણ જિલ્લાના રાધનપુરથી નવમાં કૃષિ મહોત્સવનો રાજયવ્યાપી પ્રારંભ કરાવશે. સૂક્ષ્મ પિયત પદ્ધતિ અને પશુધન સુધારણા દ્વારા ખેડૂતો તથા પશુપાલકોને સુખી અને સમૃદ્ધ બનાવવાના મુખ્ય વિષયવસ્તુ સાથે ૨૦૧૩ના વર્ષના આ કૃષિ મહોત્સવમાં રાજ્યના ચાર એગ્રો કલાયમેટ ઝોનમાં મુખ્ય મંત્રી ઉપસ્થિત રહી ધરતીપુત્રોને પ્રોત્સાહિત કરવા સાથે આગાવી કોઠાસૂઝથી નવિન પાક પદ્ધતિની સફળ સિદ્ધિ મેળવનારા કૃષિના ઋષિનું સન્માન કરશે. તદ્‌અનુસાર, મુખ્યમંત્રી તા. ૧૮મી મે, ૨૦૧૩ના રોજ દક્ષિણ ગુજરાત પ્રદેશના કૃષિ મહોત્સવમાં ભરૂચ ખાતે તા. ૨૩મી મે એ સૌરાષ્ટ્ર ઝોનના કૃષિ મહોત્સવમાં જામજોધપુર ખાતે તેમજ તા. ૨૭મી મે એ મધ્ય ગુજરાતના આદિવાસી બાહુલ્યક્ષેત્ર લીમખેડાના કૃષિ મહોત્સવમાં સ્વયં ઉપસ્થિત રહેશે. તા. ૧૪મી મે થી ૩૧મી મે, ૨૦૧૩ સુધી ચાલનારો કૃષિ મહોત્સવ-૨૦૧૩ રાજ્યભરમાં કૃષિ ક્રાંતિની સફળ દિશા દ્વારા ગ્રામ્ય અર્થકારણમાં સદંઢ બદલાવનું નિર્ણાયક પરિબળ બની રહેવાનો છે. આ કૃષિ મહોત્સવ તાલુકા પંચાયતની બેઠક મુજબ કલસ્ટર વાઈઝ બેઠકના ગામોમાં અગાઉના વર્ષના પસંદ કરાયેલા ગામોસિવાયના અન્ય ગામોમાં યોજાશે. ગામેગામ કૃષિરથ દ્વારા ધરતીપુત્રોને ઘેરબેઠાં કૃષિ પાક માર્ગદર્શન મળશે. કૃષિ મહોત્સવના આ બહુઆયામી આયોજન સાથે પશુ આરોગ્ય મેળા પણ યોજાશે. જેમાં સઘન પશુરોગ સારવારસનો સેવાયજ્ઞ હાથ ધરાવાનો છે. મુખ્યમંત્રી ચાર એગ્રો કલાયમેટ ઝોનના કૃષિ મહોત્સવમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહેશે તથા અન્ય કૃષિ મહોત્સવોમાં સાયબર ટૂર કરીને ટેકનોલોજીના માધ્યમથી ખેડૂતોને માર્ગદર્શન આ સમગ્ર મહોત્સવ દરમ્યાન આપશે.

તીવ્ર ગરમી વચ્ચે હાલમાં ફુડ પોઈઝનિંગના કેસમાં વધારો

અમદાવાદ, તા.૧૩

સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાં ગરમીનો પારો ઉંચો જઈ રહ્યો છે. લોકો પરસેવાથી રેબઝેબ બની રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી મહત્તમ તાપમાનનો પારો સતત ઉપર જતા તીવ્ર તાપ વચ્ચે લોકો ઉકળાટનો અનુભવ કરી રહ્યા છે. આજે રાજ્યભરમાં સૌથી વધુ મહત્તમ તાપમાન રાજકોટમાં ૪૧.૭ ડિગ્રી નોંધાયુ હતુ જ્યારે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧.૨ ડિગ્રી નોંધાયુ હતુ. અમદાવાદ માટે સ્થાનિક હવામાનની આગાહીમાં જણાવવામાં આવ્યુ છે કે આવતીકાલે આકાશ સ્વચ્છ રહેશે. મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીની આસપાસ રહી શકે છે. આનો મતલબ એ થયો કે આજની સરખામણીમાં અમદાવાદમાં આવતીકાલે તાપમાનમાં ઘટાડો થશે. આજે દિવસ દરમિયાન તીવ્ર ઉકળાટનો લોકોએ અનુભવ કર્યો હતો. આ સ્થિતિ હજુ યથાવત રહેવાના સંકેત છે. રાજ્ય માટે હીટવેવની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ હાલ તીવ્ર ગરમીમાં લૂ લાગવાના અને અન્ય રોગચાળાના કિસ્સાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. સ્થાનિક અને સરકારી હોસ્પિટલમાં ફુડ પોઈઝનિંગના કિસ્સા જોવા મળી રહ્યા છે. પેટમાં દુખાવાની ફરિયાદ લઈને મોટા ભાગના લોકો પહોંચી રહ્યા છે. આના માટે કારણ એ છે કે અનિયમિતરીતે બહારની ચીજવસ્તુઓ ખાવાથી અસર થઈ રહી છે. બહાર ખાવાની ટેવ ધરાવતા લોકોને હાલ સાવધાની રાખવાની સલાહ તબીબો દ્વારા અપાઈ રહી છે. પ્રદૂષિત અને ખુલ્લામાં મળતી ચીજવસ્તુઓ ન ખાવા અને ઘરમાં બનેલી ચીજવસ્તુઓ વધુ પ્રમાણમાં લેવાની સલાહ આપવામાં આવી રહી છે. તીવ્ર ગરમી વચ્ચે બિનજરૂરી વચ્ચે તાપમાં ન નીકળવા પણ સલાહ આપવામાં આવી છે.

ગુજકેટના મુદ્દે પ્રવેશ સમિતિના સભ્યો ખામોશ

અમદાવાદ, તા. ૧૩

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું આજે જાહેર થયેલ વિક્રમજનક પરિણામ બાદ મેડિકલ અને પેરામેડિકલમાં પ્રવેશ માટે લેવાયેલ નીટના મુદ્દે વાલીઓ દ્વારા કોર્ટમાં રીટ પીટીશન દાખલ કરાયેલ હતી તેનો સુપ્રીમ કોર્ટે આજે વચગાળાનો ચુકાદો જાહેર કર્યો છે અને તેમાં ગુજકેટનું પરિણામ જાહેર કરવાની સુચના આપેલી છે. પરંતુ આ નીટના મુદ્દે મેડિકલની પ્રવેશ સમિતિના સભ્યો આ વિષે કોઈ માહિતી આપવા તૈયાર નથી.

પ્રાપ્ત સુત્રો અનુસાર ધો.૧૨નું પરિણામ આજે જાહેર કરી દેવામાં આવ્યું છે. ધો.૧૨ પછી મેડિકલ અને પેરામેડિકલમાં પ્રવેશ માટે નીટની પરીક્ષા લેવાયી હતી. તેના વિરોધમાં વાલીઓ દ્વારા કોર્ટમાં રીટ કરવામાં આવી હતી. સુપ્રીમમાં ચુકાદો બાકી હતો ત્યારે સુપ્રીમ કોર્ટે ગુજકેટની પરીક્ષા પણ લેવાનો આદેશ આપ્યો હતો. જેનાથી વિદ્યાર્થીઓએ નીટ અને ગુજકેટ બંનેની પરીક્ષા આપેલી છે.

આજે ધો.૧૨ના પરિણામની સાથે સુપ્રીમ કોર્ટે નીટના મુદ્દે કરાયેલ રીટનો વચગાળાનો ચુકાદો આપ્યો છે. જેમાં પ્રવેશ પ્રક્રિયા અટકે નહિ માટે ચાલુ વર્ષે ગુજકેટનું પરિણામ જાહેર કરવાનો આદેશ કરાયો છે.

આ મુદ્દે પ્રવેશ સમિતિના સભ્યો કોઈ માહિતી આપવા તૈયાર નથી. મેડિકલમાં કઈ રીતે પ્રવેશ અપાશે તે પ્રવેશ સમિતિએ નક્કી કરવાનું છે. સુપ્રીમે ગુજકેટનું પરિણામ જાહેર કરવાનું કહ્યું છે ત્યારે પરિણામ ક્યારે જાહેર થશે તેના નિયમો શું હશે વગેરે કોઈ પણ માહિતી પ્રવેશ સમિતિ આપવા તૈયાર નથી. સૂત્રો મુજબ તાજેતરમાં મેડિકલની પ્રવેશ સમિતિ દ્વારા ગુજકેટ પ્રમાણે પ્રવેશ આપવાનો થાય તો ધો.૧૧ અને ૧૨ના ચારેય સેમિસ્ટરના સરેરાશ માર્ક ગણીને ઈજનેરીના જેમ મેરિટ ન બનાવતા ધો.૧૨ના છેલ્લા બે સેમિસ્ટર પ્રમાણે મેરિટ બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. જો પ્રવેશ સમિતિ દ્વારા છેલ્લા બે સેમિસ્ટર મજુબ મેરિટ બનાવવાનું નક્કી થાય તો વિદ્યાર્થીઓને ભારે નુકસાન જાય તેવી પરિસ્થિતિ હોવાથીવાલીઓ દ્વારા તેની સામે કોર્ટ કેસ કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. સૂત્રો મુજબ સુપ્રીમના વચગાળાના ચુકાદા બાદ પ્રવેશ સમિતિ ગુજકેટનું પરિણામ ક્યારે જાહેર કરશે? પરિણામ જાહેર થાય તો મેરિટ ચારેય સેમિસ્ટર મુજબ કે છેલ્લા બે સેમિસ્ટર મુજબ બનશે તે પણ નક્કી નથી. આ અંગે પ્રવેશ સમિતી કંઈ કહેવા તૈયાર નથી ત્યારે મેડિકલમાં કંઈ રીતે પ્રવેશ આપવો તે સરકાર નક્કી કરશે?

સૂત્રો મુજબ હેલ્થ વિભાગના સભ્યો દ્વારા એવી માહિતી આપવામાં આવી છે કે મેડિકલ અને પેરામેડિકલમાં પ્રવેશ ગુજકેટ પ્રમાણે જ થશે.

ધો.૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ધાર્યા ગુણાંક પ્રાપ્ત નહિ થયાની ફરિયાદો પણ ઉઠવા પામી છે.

ગાંધીનગર જિલ્લામાં જો પરિણામ પર નજર કરીએ તો જિલ્લામાં નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૫૪૧૫ છે. આમાંથી ૫૩૮૪ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. જે પૈકી ૫૧૬૯ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલા જાહેર કરવામાં આવ્યા છે અને ૨૧૫ વિદ્યાર્થીઓને હજુ મહેનત કરવાની જરૂરિયાત હોવાનું તેમના ગુણપત્રકમાં દર્શાવવામાં આવ્યું છે.

જિલ્લામાં એક જ વિદ્યાર્થીને એ-૧ ગ્રેડ પ્રાપ્ત થયો છે. ૧૬૪ વિદ્યાર્થીને એર ગ્રેડ પ્રાપ્ત થયેલ છે. ૫૪૦ વિદ્યાર્થીને બી૧ ગ્રેડ ૧૦૧૮ વિદ્યાર્થીઓને બી-૨ ગ્રેડ, ૧૬૮૮ વિદ્યાર્થીઓને સી-૧ ગ્રેડ અને ૧૪૮૭ વિદ્યાર્થીઓને સી-૨ ગ્રેડ અને ૨૭૧ વિદ્યાર્થીને ડી ગ્રેડ પ્રાપ્ત થયો છે.

વિદ્યાર્થીઓને ગ્રેસીંગ પાંચ ટકા ગુણાંક સુધીનું આપવામાં આવ્યું છે. આમ છતાં જિલ્લાના બાળકો એ૧, એ-૨ ગ્રેડ મેળવવામાં બહુ સફળ થયા નથી. જિલ્લાના કેન્દ્રોના પરિણામ જોઈએ તો ચાંદખેડા કેન્દ્રનું પરિણામ ૯૬.૬૭, કલોલ કેન્દ્રનું પરિણામ ૯૨.૮૯ ટકા, માણસા કેન્દ્રનું પરિણામ ૮૪.૩૩ ટકા, આવ્યું છે. પિલવાઈ કેન્દ્રનું પરિણામ ૯૯.૭૦ ટકા આવ્યું છે. જે સમગ્ર જિલ્લામાં સૌથી શ્રેષ્ઠ પરિણામ છે.

પિલવાઈ કેન્દ્રમાં નોંધાયેલા ૩૩૦ વિદ્યાર્થીઓ પૈકી માત્ર ૧ જ વિદ્યાર્થી નાપાસ થયેલ છે. માણસામાં ૨૧ વિદ્યાર્થી, કલોલમાં ૧૭ વિદ્યાર્થી, ચાંદખેડામાં ૨૪ અને ગાંધીનગરમાં ૧૫૩ વિદ્યાર્થી નાપાસ થયા છે.

મિકેનિકલ એન્જિનિયર બનવું છે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પરંતુ સમગ્ર જિલ્લામાં એ-વન ગ્રેડમાં વેદ ઈન્ટરનેશનલ સ્કૂલની વિદ્યાર્થીની નિલમ મણીભાઈ ચૌધરીને જ સ્થાન મળ્યું છે. સામાન્ય પરિવારમાં રહી એકાગ્રચિત્તે અભ્યાસ કરતી નિલમનો આત્મવિશ્વાસ ગજબનો છે. નિલમના પિતા મણીભાઈ ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં સ્ટાફ બ્રધર તરીકે ફરજ બજાવે છે. જ્યારે માતા કાન્તાબેન હાઉસવાઈફ છે. નિલમે ધો. ૧૦માં પણ ૯૨.૬ ટકા ગુણ પ્રાપ્ત કર્યા હતા. જ્યારે ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં સેમિસ્ટરમાં એવરેજ ૯૯.૯૮ ટકા પર્સેન્ટાઈલ રેન્ક મેળવ્યો છે. નિલમે અંગ્રેજીમાં ૭૭, ગણિતમાં ૯૬, કેમેસ્ટ્રીમાં ૯૨, ભૌતિક વિજ્ઞાનમાં ૯૬ ગુણ મેળવ્યા છે. વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતી આ વિદ્યાર્થિનીને આગળ હવે મીકીનિકલ એન્જિનિયરીંગનો અભ્યાસ કરી કારકિર્દી બનાવવી છે. વર્ષ દરમિયાન શાળા કક્ષાએ અભ્યાસલક્ષી તૈયારી કરીને વગર ટ્યુશને તેણીએ આ સફળતા મેળવી છે. શાળાના વિવિધ વિષયના ફેકલ્ટીઝ નયન ત્રિવેદી, સંજય સુખડીયા, ડી.બી. પટેલ તેમજ મૌલિન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ તેણીએ તેજસ્વી પરિણામ પ્રાપ્ત કર્યુ હોવાનું જણાવ્યું છે. એટલું જ નહી પરંતુ જે.ઈ.ઈ. મેઈનની પરીક્ષામાં પણ પસંદગી મેળવી છે. જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર નિલમને અભ્યાસ સિવાય ડ્રોઈંગ તેમજ ટી.વી.નો શોખ છે. ખાસ કરીને સસ્પેન્સ મુવીઝ જોવાનું પણ પસંદ છે.

IITE
ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર
ભરતી
સંસ્થા માટે મંજુર થયેલી શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક જગ્યાઓ માટે ભરતી કરવાની છે.
પ્રિન્સીપાલ, આસીસ્ટન્ટ પ્રોફેસર (ઈતિહાસ), ડાયરેક્ટર ઓફ ફીજીકલ એજ્યુકેશન, ચીફ એકાઉન્ટ ઓફીસર, યુનિવર્સિટી રેવલપમેન્ટ ઓફીસર તથા ક્યુરેટર, ચીફ વોર્ડન વિગેરે લેવાના હોઈ નિયત નમુનાનું અરજીપત્રક સૂચનાઓ, નિમણુંકની શરતો, પગાર તથા લાયકાતની વિગતો www.iite.ac.in ઉપર મુકવામાં આવી છે. જે વાંચી અરજીપત્રક પ્રમાણે જરૂરી પ્રમાણપત્રો સહિત અરજી કરવાની રહેશે.
ક્રમાંક : IITE/મક્મ/૨૪૪૪/૨૦૧૩ કુલસચિવ
માહિતી/૩૦૧/૧૩-૧૪ આઈઆઈટીઈ

ગુજરાત મેરીટાઈમ બોર્ડ
ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા નં. ૦૪/૨૦૧૩-૧૪
કાર્યપાલક ઈજનેર (બાં) ઈજનેર વિભાગ-૨, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ઓફિસ નં. ૧૨૫, ફર્સ્ટ ફ્લોર, આઈ.ટી. ટાવર-૧, ઈન્ફોસીટી કોમ્પલેક્ષ, ગાંધીનગર દ્વારા નીચેના કામો માટે ઓનલાઈન ભાવપત્રક માંગવામાં આવે છે.

અનું	કામનું નામ	(૧) અંદાજીત રકમ (૨) શ્રેણી (૩) ઈ.એમ.ડી. (૪) ટેન્ડર ફી
૧.	ઈમ્પ્રુવમેન્ટ ઓફ સીટીંગ એરેજમેન્ટ એન્ડ કાર પાર્કીંગ ફેસેલીટીસ એટ એચ.ઓ. જીએમબી ગાંધીનગર	(૧) રૂ. ૩૧,૬૬,૫૧૫.૯૩ (૨) 'ઈ-૧' અને ઉપર (૩) રૂ. ૩૧,૭૦૦.૦૦ (૪) રૂ. ૧,૫૦૦.૦૦
૨.	એસ આર ટુ એક્ઝીક્યુટીવ ટોઈલેટ એચ.ઓ. જીએમબી, ગાંધીનગર	(૧) રૂ. ૧,૮૭,૩૮૩.૭૫ (૨) 'ઈ-૨' અને ઉપર (૩) રૂ. ૧,૯૦૦.૦૦ (૪) રૂ. ૬૦૦.૦૦
૩.	એસ આર ટુ લેડીઝ ટોઈલેટ એટ્સ જીએમબી એચ.ઓ., ગાંધીનગર	(૧) રૂ. ૧,૪૫,૬૨૩.૫૦ (૨) 'ઈ-૨' અને ઉપર (૩) રૂ. ૧,૫૦૦.૦૦ (૪) રૂ. ૬૦૦.૦૦

ટેન્ડ ડ્રોકયુમેન્ટ તા. ૧૩/૫/૨૦૧૩થી વેબસાઈટ www.gmbnprocure.com પરથી ઉપલબ્ધ થશે. ઓનલાઈન સબમીશનની છેવટની તા. ૨૯/૫/૨૦૧૩, ૧૮.૦૦ કલાક સુધી. વધુ વિગત માટે પ્રસ્તુત વેબસાઈટ પર સંપર્ક કરવા વિનંતી. વધુ વિગતો તથા શરતો માટે ઉપરોક્ત કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા અથવા www.gmbport.org વેબસાઈટ અચૂક જોવા વિનંતી. માહિતી/૩૧૧/૧૩-૧૪

જાહેર નિવિદા
રાજ્ય મધ્યસ્થ ગ્રંથપાલ, સેક્ટર-૧૭, ગાંધીનગરના ફરતા ગ્રંથાલયની સેવાઓ તથા અન્ય ગ્રંથાલય પ્રવૃત્તિઓ માટે ટાટા સૂમો / બોલેરો ટાઈપનું બંધ બોડીનું ટેક્ષી પાસીંગ વાહન છેલ્લા ત્રણ વર્ષના મોડેલનું ભાડેથી જોઈએ છે. રસ ધરાવતી પાર્ટીઓએ વાહનની વિગતો, ન્યુનતમ માસિક કિ.મી.ની વિગતો સાથેના ભાવો તથા **રૂ. ૨૫૦૦૦/- અર્નેસ્ટમનીનો ડીમાન્ડ ડ્રાફ્ટ ''ગ્રંથપાલશ્રી, રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર''**ના નામનો અત્રેની કચેરીને તા. ૨૩/૫/૨૦૧૩ના ૧૫.૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે. મળેલ ભાવપત્રકો આજ દિવસે ૧૬.૩૦ કલાકે ખોલવામાં આવશે. મળેલા ભાવોના સ્વીકાર / અસ્વીકાર કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારનો અબાધિત રહેશે.
સહી/-
(ડો. વર્ષાબેન મહેતા)
ફોન નંબર : ૦૭૯-૨૩૨૫૨૩૫૮ રાજ્ય ગ્રંથપાલ
www.books4gujarat.com મધ્યસ્થ ગ્રંથલાય, ગાંધીનગર

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી
FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :-
શ્રી પેશ્વી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729